

## નોટબંધીના વિરોધમાં પાલનપુરમાં મહિલા કોંગ્રેસે રેલી યોજી

કેન્દ્રની મોદી સરકારની નોટબંધીને આજે ૬૦ દિવસ થવા છતાં લોકોની અગવડતામાં ઘટાડો થયો નથી. ત્યારે આજે પાલનપુર ખાતે મહિલા કોંગ્રેસે રેલી યોજી હતી. જેમાં મહિલાઓએ થાળી-વેલણ વગાડી ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. પાલનપુર ખાતે નોટબંધીના વિરોધમાં બનાસકાંઠા જિલ્લા મહિલા કોંગ્રેસે રેલી યોજી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જિલ્લા કોંગ્રેસ કાર્યાલયથી નીકળેલી રેલી શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી હતી. જેમાં મહિલાઓએ થાળી વેલણ વગાડી વિરોધ જતાવ્યો હતો. આ રેલીમાં મહિલાઓએ મોદી સરકાર વિરોધી ઉગ્ર સૂત્રોચ્ચાર કરી છાજીયા કુટી ચક્કાજામ કરતા વાતાવરણ ઉત્તેજના સભર બની ગયું હતું. જોકે, બનાસકાંઠા જિલ્લા મહિલા કોંગ્રેસની રેલીને કારણે ઠેર-ઠેર ચક્કાજામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

# ધાનેરા નગરપાલિકામાં છેલ્લા દસ દિવસથી અંધારપટ

ધાનેરા, તા. ૮

ધાનેરા નગરપાલિકાનું વીજ ન ભરતા વિધુત બોર્ડ દ્વારા પાલિકાનું વીજ કનેક્શન કાપી નાખતા પાલિકામાં છેલ્લા ૧૦ દિવસથી અંધારપટ છવાઈ જવા પામ્યો છે અને આજે પાણીના બોરનું કનેક્શન કાપી નાખતા લોકોમાં ચકચાર મચી જવા પામી છે તો લોકો જણાવી રહ્યા છે કે પાલિકાના પ્રમુખ વીજ કનેક્શન ચાલુ કરાવવાના બદલે ગામડે ગામડે જય સરપંચોનું સન્માન કરી રહ્યા છે અને ફોટા પડાવી પોતાની સસ્તી પ્રસિદ્ધિ કરી રહ્યા છે. પાલિકા પ્રમુખ જો વહીવટ ના સંભાળી શકે તો રાજીનામુ આપી દે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ધાનેરા નગરપાલિકા નું ૨૪ લાખથી પણ વધુ વીજ બિલ બાકી હોવાથી ધાનેરા વિધુત બોર્ડ દ્વારા અગાઉ ત્રણ વાર પાલિકાનું વીજ કનેક્શન કાપી પાલિકાને વૉર્નિંગ આપવામાં આવી હતી છતાં પણ પાલિકા દ્વારા વીજ બિલ ન ભરતા આજે ધાનેરા નગરપાલિકામાં અંધારપટ છવાઈ જવા પામ્યો હતો અને લોકોના કામ અટવાઈ જવા પામ્યા હતા. દસ દિવસનો સમય વીતવા છતાં પણ પાલિકા દ્વારા વીજ બિલ ન ભરતા આજે વિધુત બોર્ડ દ્વારા ધાનેરામાં પાણીના બોરનું કનેક્શન કાપી નાખતા લોકોમાં ચકચાર મચી જવા પામી હતી ત્યારે ધાનેરા નગરપાલિકાના એક ચાલુ સભ્યએ જણાવ્યું હતું કે પાલિકાના અણઘટ વહીવટથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને જો પ્રમુખને વહીવટ ન સંભાળતાં આવડતું હોય તો રાજીનામુ આપી દે.

એક તરફ છેલ્લા ૧૦ દિવસ પાલિકાનું વીજ કનેક્શન કપાઈ ગયું છે તો પાલિકામાં અંધારપટ છવાઈ ગયો છે અને લોકોના કામો અટવાઈ ગયા છે ત્યારે પાલિકા ના પ્રમુખ આશાબેન પટેલ વીજ કનેક્શન ચાલુ કરાવવાના બદલે ગામડે ગામડે જઈ જીતેલા સરપંચોને ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માન કરી ફોટા ફેશબુકમાં મૂકી પોતાની સસ્તી પ્રસિદ્ધિ કરી રહ્યા છે ત્યારે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે માટે ભાજપ ના આગેવાનોએ હવે જાગવાની જરૂર છે અને આવા લોકોને વહીવટ પરથી દૂર કરી સારા વ્યક્તિ ને મુકવાની જરૂર છે.

### પાલિકા પ્રમુખની ખુરશી માટેના વિવાદમાં ધાનેરાનો વિકાસ રૂંધાયો : જાગૃત નાગરિક ધાનેરા

ધાનેરાના એક જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે અત્યારે ધાનેરા નગરપાલિકામાં ભાજપ બોડી રાજ ચલાવી રહી છે અને પાલિકા પ્રમુખની ખુરસી માટે અંદરોઅંદર વિખવાદ ચાલી રહ્યો છે અગાઉના સમયમાં ૫૦ લાખથી પણ વધુ વીજ બિલ બાકી હતું છતાં પણ વિધુત બોર્ડ દ્વારા ૧૦-૧૦ દિવસ માટે વીજ કનેક્શન ન હતું કપાતું અને અત્યારે કેમ ?વીજ કનેક્શન કપાયું પાલિકામાં અંધારપટ છવાયો છતાં પણ પાલિકા પ્રમુખના પેટમાંથી પાણી પણ કેમ નથી હાલતું ? અને વધુમાં એ પણ જણાવ્યું હતું કે પાલિકા જે વેરા વસૂલીની રકમ આવી હતી તે વીજ બિલ ભરવાના બદલે તરીખોનીયા શોપિંગના કોન્ટ્રાક્ટરને આપવામાં આવી છે જે કામ જલદી પુરૂ થાય અને તેમાં ખાયકીના ખેલ કરી શકાય તે માટે ધાનેરા નગરપાલિકા પ્રમુખ બનવા માટે અંદરોઅંદર વિખવાદ ચાલી રહ્યો છે અને આ વિખવાદથી અત્યારે ધાનેરાની પ્રજા ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે જો ધાનેરામાં જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવેલી વાત સાચી હોય તો પાલિકાના સત્તાધિસો માટે આ બાબત ખુબજ શરમ જનક કહેવાય.

# શામળાજીમાં બે તાલુકાઓના બાવન સરપંચો-સભ્યોનું સન્માન કરાયું

મોડાસા તા.૭

અરવલ્લી જિલ્લામાં આજે શામળાજીમાં યોજાયેલા સરપંચોને સન્માનવાના વિજયના વધામણાં કાર્યક્રમમાં ભિલોડા અને મેઘરજ તાલુકલોની સંયુક્ત ભિલોડા વિધાનસભા ક્ષેત્રમાંથી ઉપસ્થિત ભાજપ સમર્પિત ૫૩ ગ્રામપંચાયતોના સરપંચો અને જે તે પંચાયતોના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વિરપુરના નિવૃત્ત મામલતદાર શાંતિલાલ ડી.નિનામાં,મઉ ગામના રહીશ અને નિવૃત્ત આર્મી કેપ્ટન ભૂપેન્દ્રભાઈ ચેનવા સહિત ચૂનાખાણ, કમ ઠાણીયા, સુરપુર વગેરે ગામોના ૧૦૦થી વધુ કાર્યકરો કોંગ્રેસને રામ રામ કરી ભાજપમાં જોડાતાં સમારોહ અધ્યક્ષ અને પૂર્વ જિલ્લા પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ ખેસ પહેરાવીને તમામ કાર્યકરોને આવકાર્યા હતા.

સરપંચોને સન્માનવાના આ કાર્યક્રમમાં ભિલોડા તાલુકામાંથી ૫૯માંથી ૩૩અને મેઘરજ તાલુકામાંથી ૨૮માંથી ૨૦ મળી ૫૩ ગ્રામ પંચાયતોના ભાજપ સમર્પિત સરપંચો-સભ્યો હાજર રહેતા આ તમામનું ખેસ પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ સહિત બન્ને મહામંત્રીઓ, ભાજપ ઉપપ્રમુખ નિલાબેન મડીયા, હસમુખભાઈ મડીયા, પ્રભારી અને જિલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ આર.પટેલ, ઉપપ્રમુખ કનુભાઈ પરમાર, ભિલોડા એપીએમસીના ચેરમેન હિતેન્દ્રસિંહ સીસોદીયા, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના ડીરેકટર અને કોશાધ્યક્ષ ગુલાબચંદભાઈ પટેલ પક્ષના હોદેદાદારો ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભે ભિલોડા તાલુકા ભાજપ પ્રમુખ રમેશભાઈ રાવલે સહુને આવકાર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ભિલોડા તાલુકા મહામંત્રી ઈન્દ્રજીતસિંહ રાઠોડે કર્યું હતું. અંતમાં મેઘરજ તાલુકા ભાજપ પ્રમુખ એન. કે. પટેલે આભાર દર્શન કર્યું હતું.

સમારોહ અધ્યક્ષ પૃથ્વીરાજ પટેલે કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદી સરકારની સિદ્ધિઓ અને આંતરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતનું નામ રોશન કરી દેશને સર્વોચ્ચ સ્થાને લઈ જવા જે રીતે તેઓ અથાગ પ્રયત્નો કરી રહ્યા છે અને ગુજરાત એક મોડેલ રાજ્ય બન્યું છે ત્યારે ગ્રામ પંચાયતના સરપંચોને ગામના સર્વાંગી વિકાસમાં લાગી જવા અનુરોધ કર્યો હતો. જ્યારે પ્રમુખ રણવીરસિંહ ડાભીએ સહુને પોતાના સરપંચ પદના મળેલા દિવસોને અવસરમાં પલટી દઈને દિલથી અને પ્રામાણિકતાથી લોક સેવા કરી પોતાનામાં મુકેલો વિશ્વાસને ફળીભૂત કરવા ઉપર ભાર મૂકી કોઈપણ કામ માટે પોતાને અને મહામંત્રી શામળભાઈ સહિત પોતાની ભાજપની જિલ્લા ટીમ ને મળવા જણાવ્યું હતું. આ સમારોહમાં ભિલોડા માર્કેટયાર્ડ દ્વારા અમલી વીમા યોજનામાં મૃતકોના વારસદારોને મહાનુભાવોના હસ્તે ચેક પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

# યાત્રાધામ વિકાસ બોર્ડનો અંબાજીમાં યોજાયો લોકદરબાર

અંબાજી, તા. ૯

ગુજરાત રાજ્યના યાત્રાધામ વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ રાજુ ધ્રુવે યાત્રાધામ અંબાજી ખાતે સૌ પ્રથમ વખત લોક દરબાર યોજી યાત્રાધામના વિકાસ માટે મંતવ્ય મેળવ્યા હતા. રાજુ ધ્રુવ તેમજ



યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષી સૌ પ્રથમ અંબાજી મંદિર પહોંચી મા અંબાના દર્શન કર્યા હતા. અને ત્યાર બાદ મંદિરના મીટીંગ હોલમાં અંબાજીના અગ્રણી નાગરીકો સાથે લોકદરબાર યોજ્યો હતો અને તેમાં સ્થાનિક લોકો પાસેથી મંદિરમા યાત્રીકો વધુ સારી રીતે ને સરળતાથી દર્શનનો લાભ લઈ શકે અને સાથે મંદિર અને યાત્રાધામનો વિકાસ થઈ શકે તે માટે મંતવ્યો મેળવ્યાં હતા.

આ સાથે અંબાજી મંદિરનાં નૃત્ય મંડપની જાળીઓ ખોલવાં અંબાજીમાં બાગ-બગીચા બનાવવાં, રીંછડી ખાતે નૌકાવિહાર બનાવવાં, અંબાજી વિસ્તાર વિકાસ સત્તામંડળમાં ભ્રષ્ટાચારી અધિકારીઓની બદલી કરવા, અંબાજી મંદિર શોપીંગમાં મંદિરમાં જતાં યાત્રીકો અને મંદિરમાંથી પરત ફરતાં યાત્રીકો માટે તમામ દરવાજા ખોલવાં , અંબાજીમાં ભુગર્ભગટર યોજના ખાડે ગઈ છે તે બાબતે, હોસ્પીટલ પુરતી દવાઓ મળતી નથીને અપુરતા ડોક્ટરોની અછતને લઈ રજુઆતો કરાઈ હતી. જ્યારે અંબાજીમાં હિલિયમ બલુનનો પ્રોજેક્ટ ચાલુ કરવાં, ગબ્બર પાછળ તેલીયા નદીનો ડેમ વિકસાવવાં, મંદિરમાં આવતી દાનની વસ્તુઓને અન્ય સંસ્થાઓમાં આપવાં બાબતે, અંબાજી જી.એમ.ડી.સી મેદાન ને રમત-ગમત માટે કાયમી ધોરણે ફાળી આપવાં માંગ કરાઈ હતી.આ સાથે અંબાજી ને રેલ્વે લાઈન માટે , અંબાજી નાં જી.એમ.ડી.સી નાં પ્રોજેક્ટ ને પુનઃ શરૂ કરવાં, અંબાજી મંદિર માં સ્થાનિક માણસો ની સમીતી બનાવવાં, મંદિરનું જુનુ ભોજનાલય અન્નક્ષેત્ર માટે ફાળવવાં માટે તેમજ અંબાજીને સ્વચ્છ રાખવાં માટે ગ્રામ પંચાયત દ્વારા તમામ વેપારીઓને ડસ્ટબીન ફાળવવા ની માંગ અંબાજીના નાગરીકો નીરૂબેન દવે, બકુલેશ શુક્લ, વિજય દવે, ઈન્દરમલ ગુર્જર, સુનિલ બ્રહ્મભટ્ટ, શંકરભાઈ વાસુ, લલીત લુહાર, દિનેશ મહેતા, ઘમારામ ખરાડી, મીડીયા કર્મી શક્તિસીહ રાજપુતે આ ઉપરોક્ત રજુઆતો કરી હતી. જ્યારે અંબાજીના જાણીતા પત્રકાર મહેન્દ્ર અગ્રવાલે પણ રજુઆતો કરી હતી.

# ધાનેરા કોંગ્રેસ દ્વારા જીતેલા સરપંચોનું સન્માન કરાયું

ધાનેરા, તા. ૯

ધાનેરા ખાતે કોંગ્રેસ સમિતિ દ્વારા જીતેલા સરપંચોને ફૂલહાર પહેરાવી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિસ્તારની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિજેતા બનેલા સરપંચોનો સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં કોંગ્રેસના આગેવાનો દ્વારા વિજેતા સરપંચોને ફૂલહાર જોઈતાભાઈ પટેલ, ધાનેરા શહેર કોંગ્રેસ પ્રમુખ બળવંતજી રાવ, ધાનેરા તાલુકા કોંગ્રેસ પ્રમુખ મેહદાભાઈ, યુથ કોંગ્રેસ પ્રમુખ હરચંદભાઈ રબારી, જિલ્લા યુથ



કોંગ્રેસના આગેવાનો સહીત તમામ સરપંચો અને મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

ધાનેરા તાલુકા પંચાયતના મિટિંગ હોલ ખાતે આજે ધાનેરા કોંગ્રેસ સમિતિ દ્વારા ધાનેરા પહેરાવી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના ગામનો વિકાસ કરે તેવું શુભેચ્છા આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ, ધાનેરા ધારાસભ્ય કોંગ્રેસ મહામંત્રી વિનુભા સોલંકી, ધાનેરા યુથ કોંગ્રેસ મહામંત્રી જયેશભાઈ સોલંકી તેમજ મોટી સંખ્યામાં સરપંચો અને લોકોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# તલોદના અગ્રણી વેપારીનું અવસાન

તલોદ, તા.૯

સાબરકાંઠા જિલ્લાના તલોદના જાણીતા કાપડના વેપારી, તલોદ કાપડ મહાજનના પૂર્વ પ્રમુખ, જનતા બેંકના પૂર્વ ડિરેકટર, નમસ્કાર શરાફી મંડળીના એમ.ડી. તથા તલોદ વિશા ખડાયતા મિત્ર મંડળના પૂર્વ પ્રમુખ પ્રવિણચંદ્ર રામચંદ શાહ (રામચંદ છોટાલાલ શાહ-આકરૂંદવાલા)નું ૭૩ વર્ષની જૈફ વયે તા. ૭-૧-૧૭ શનિવારના રોજ તલોદ ખાતે અવસાન થયેલ છે. સદગતનું બેસણું ન.પા. સંચાલિત હોલ, પશુ દવાખાના કંપાઉન્ડ, તલોદ ખાતે મંગળવાર તા. ૧૦-૧-૧૭ના રોજ બપોરે ૨ થી ૪ દરમિયાન રાખેલ છે. સદગત ૩ યુવાન દિકરા, ભાઈ અને ધર્મપત્ની સહિતના વિશાળ પરીવારને અલવિદા કરી ગયા છે. તલોદ કાપડ મહાજને તેઓના અવાસનથી વ્યથાની લાગણી અનુભવી છે.

## જાહેરાત

આણંદ ખાતે ૨૬મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણીના પ્રસંગે સુરક્ષા સેતુ સોસાયટી, ગૃહવિભાગ, સમાજ સુરક્ષા, નશાબંધી ખાતાના સંયુક્ત ઉપક્રમે એક ટેબ્લો રજૂ કરવાનું નક્કી કરવામાં આવે છે. આ કામના જાણકાર વ્યક્તિ / પેઢી / સંસ્થા દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયાથી ટુબીડ પદ્ધતિથી ભાવ મંગાવવામાં આવે છે. ટેબ્લો અંગેની ટેકનીકલ અને નાણાંકીય બીડનું ટેન્ડર તા. ૮/૧/૨૦૧૭ થી તા. ૧૨/૧/૨૦૧૭ સ્પેજ ૧૮.૦૦ કલાક સુધી અપલોડ કરી શકાશે. ટેન્ડર ડૉક્યુમેન્ટની વિગતો www.nprocure.com ઉપરથી જોઈ શકાશે. ટેન્ડર અપલોડ કરવા માટે કોઈ માહિતીની જરૂર જણાય તો ફોન નં. - ૦૭૯-૪૦૦૦૭૩૨૯/૭૫૧૪

સહી/-
(વી.એમ. પારગી)
સભ્ય સચિવ સુ.સે.સૌ (રાજ્યકક્ષા) અને
અધિક પોલીસ મહાનિદેશક (પોલીસ સુધારણા)

માહિતી/૨૪૫૧/૧૬-૧૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક કેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ